Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN: 2321- 4708
Nov. 2021, Year - 8 (103)
Paper ID: RRJ460299

# ભીંજવી દેતી "છાલક" - વિવેચન સંગ્રહ

સમીર ભટ્ટ
પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ,
સમર્પણ આર્ટસ કોલેજ, ગાંધીનગર

---

૧૧ ગઝલ,૩ ગીત ,૬ અછાંદસ ,૧ કવિ પરિચય,૧.ચિત્રકાર પરિચય ,૨ સોનેટ, ૫ નવલિકા ,૯ લઘુકથા ,૧ સ્મૃતિ કથા , ૧ હાસ્યલેખ ,૧ વિદેશી વાર્તાનો અનુવાદ અને આસ્વાદ, ૩ કાવ્યસંગ્રહોને આવકાર,૧ વિવેચન સંગ્રહને આવકાર અને એમાંથી જ એક લેખ 'વહેણ' રૂપે અને છોગામાં તંત્રી મહાશયનો ભારતીય પ્રાચીન સાહિત્યનુ આચમન કરાવતો તંત્રી લેખ........ "છાલક" –એપ્રિલ ૨૧નો અંક આપણી પાસે કેટકેટલું લઈને આવ્યો?

આ તે છાલક કે રસથાળ ??? ચાખીએ જરા એને અને જોઈએ કે કેવો રસભર્યો અનુભવ આપી જાય છે એપ્રિલ -૨૧ નું "છાલક"....

આરંભ તંત્રીલેખથી – 'કવિની' ,ઋષિની મહત્તા ચીંધતો, પ્રાચીન ભારતીય સાહિત્યનું વૈશિષ્ઠ્ય પ્રગટાવતો તંત્રીલેખ શાને? એવો પ્રશ્ન થાય તો એનો જવાબ એ છે કે ઉપેક્ષિત ,કવચિત વિડમ્બના પણ જેને સહેવી પડે છે તેવા પ્રજ્ઞાવાન સર્જકનું ગૌરવ સૂચવતો તંત્રીલેખ (જે ખરેખર તો  લેખમાળાનો એક મણકો છે)  'છાલક'નું પ્રવેશદ્વાર છે.સાંપ્રત સમયમાં જયારે કલાસાહીત્યની પ્રવૃત્તિથી સમાજ અળગો થતો જાય છે ત્યારે કળા – સાહિત્યનું ગૌરવ થવું જોઈએ તેવી દ્રઢ માન્યતાથી તો આપણું આ 'લીટલ મેગેઝીન' પ્રગટે છે.

કવિ લાલજી કાનપરિયાના વિવેચન સંગ્રહ 'શબ્દ્સંકેત'ના વિશેષ ઉપસાવી આપતો સ્વ.જગદીપ ઉપાધ્યાયનો આવકાર લેખ અને તે ગ્રંથમાંથી સાહિત્યક્ષેત્રમાં ચાલતા



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ460299

જુથવાદ,પ્રપંચો,મૈત્રી વિવેચન,ધનિકોની કદમબોસી કરતા સર્જકનો એક સમૂહ સામે નિર્ભીક અવાજ ઉઠાવતો એક લેખ 'વહેણ' રૂપે – બન્ને એકમેકના પુરક બની રહે છે.

કવિતા વિભાગને જોઈએ તો ૨૨ રચનાઓ આ આંકમાં સમાવાઈ છે. ૧૧ ગઝલ છે.ભરત વિંઝુડાની ગઝલમાં સરળ બાનીમાં રજુ થતી સમયની ચિકિત્સા,કરસનદાસ લુહારની ટૂંકી બહેરની ગઝલની દ્રશ્યાત્મક્તા આસ્વાદ્ય છે. તુરાબ 'હમદમ',અઝીઝ ટંકારવી,ગુલામ અબ્બાસ 'નાશાદ' ની ગઝલો વિષય અને બાનીની રીતે પરંપરિત ચાલ ધરાવે છે.આપણી પરંપરિત ગઝલોમાં ચમત્કૃતિ, જીવનની રંગદર્શિતા, કટાક્ષનો સુર જરૂર ત્વરિત પ્રત્યાયન સાધે...એવું અહી થાય છે પણ સિદ્ધ કૃતિઓના ભણકારા પણ સંભળાય છે. આ ઉપરાંત અહી પ્રગટેલી રચનાઓમાં કેટલાક નવા અવાજ છે પણ એ અવાજ છે .તેમણે ગઝલ સિદ્ધ કરવાની બાકી છે. ૩ ગીતોમાં યુવા કવિ નરેશ સોલંકીનું પરંપરિત લય-બોલીમાં લખાયેલું ગીત અને લતા હીરાણીનું જરા જુદો લય-આકાર દેખાડતું ગીત ઉલ્લેખનીય છે. નરેશના ગીતમાં આરંભે રજુ થતો નૈરાશ્યનો સુર ગીતના બીજા અંતરામાં સુંદર ચિત્ર સર્જી સ્તબ્ધતામાં પરિણમે છે તો લતાબહેન મોટા દરિયા અને નાનકડી હોડીનો વિરોધ રચી અંતે દરિયાનું નહિ પણ હોડીનું મહત્વ ચીંધે છે. કિશોર બારોટના ગીતમાં જાણીતા અવાજના પડઘા જ પડે છે.

લગભગ વિસરાઈ ગયેલું સાહિત્ય સ્વરૂપ સોનેટ હમણાં ફરી સર્જકોના હાથે ખેડાઈ રહ્યું છે ત્યારે તેમાં કવિ કેવો કસબ દાખવે છે તે જોવું રસપ્રદ બને. કેશુભાઈ દેસાઈનું સોનેટ પોતાના વિસર્જનની વાત કરીને સ્મૃતિરૂપે સજીવન રહેવાનો વિસ્વાસ ધરાવતા સંવેદનને નિરૂપે છે અને વિનોદ જાની ઘર – વતનની મધુર સ્મૃતિ અને વર્તમાનની કડવી વાસ્તવિકતા આલેખવાનો પ્રયાસ છે.

અછાંદસ કાવ્યરીતિ એક જુદી જ સજ્જતા માંગે છે. નર્યા વિધાનોના ગચિયા એમાં ન ચાલે. આ અંકની અછાંદસ રચનાઓમાં જોઈએ તો એક યુવા કવયિત્રી હીર નિમાવતની અંગ્રેજી કવિતા અને તેનો અનુવાદ કાવ્યનાયિકાના મનને – અશ્રુરૂપે ધોવાતો પસ્તાવો અને મનમાં સર્જાતો તેનો પોતાનો ઓરડો... અહી વાત સંયત રીતે આલેખાઈ છે. તેનો


Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ460299

અનુવાદ પણ વાતને ઉપસાવી આપે છે. પ્રીતમ લખલાણી જગત સ્વાતંત્ર્યની ખેવના 'સ્ટેચ્યુ ઓફ લીબર્ટી ' સાથે સંવાદ કરી રજુ કરે છે. પ્રતાપસિંહ જાડેજા લોકબોલીમાં ભૂતકાળનું શબ્દચિત્ર આલેખે છે. બાકીના સર્જક મિત્રોની રચના કાવ્યનો આછો રોમાંચ પણ આપતી નથી.

આ અંકમાં ત્રણ કાવ્ય સંગ્રહોને જુદી જુદી રીતે આવકાર અપાયો છે. 'હોવાપણા નો છાંયડો' ભાર્ગવી પંડ્યા વિષે વિષ્ણુ પંડ્યા એ લખ્યું છે, 'અધખૂલેલું બારણું' મનિષ પાઠકને આવકાર તેમની એક રચના મૂકી અપાયો છે અને 'બીજને ઝરુખે' –ગોપાલી બુચના સંગ્રહને તેમની એક રચનાનો સંજુ વાળાએ કરાવેલ આસ્વાદ મૂકી આવકાર અપાયો છે. સંજુભાઈએ કરાવેલ આસ્વાદ આ આવકારની આ ત્રણેય રીતમાં વધુ સંતોષ આપે છે. 'પડઘા મારા શબ્દોમાં' ચંદુ મહેસાનવીના શે'રના આસ્વાદના પુસ્તકની એક ઝલક આપવાનો પ્રયાસ ચંદ્રકાંત મહેતા કરે છે.

આ અંકમાં બે સર્જકોને યોગ્ય રીતે પોંખવામાં આવ્યા છે. કવિ વિજય રાજ્યગુરુ અને ચિત્રકાર નાગજીભાઈ પટેલ. બંને સર્જકોની કેફિયત ,તેમનો યોગ્ય પરિચય અને તેમના સર્જનોની ઝલક – આ સઘળું 'છાલક' ઘરદીવડા સમા સર્જકોને ઉચિત રીતે વાચકો સામે મૂકી આપે છે તે દર્શાવે છે.

આ અંકની નવલિકાઓ અને લઘુકથાઓ જોઈએ તો 'મુક્તિ'(રેખાબા સરવૈયા)માં પ્રગટ અપ્રગટ નારીરૂપ ,'એક અપરિચિત પ્રતિબિંબ'(નીલમ દોશી)મનની લીલા , 'અમૃત ધારા' (ગિરિમા ઘારેખાન)નારી જ કરી શકે તેવી જગત સેવા , 'સર્જન હેન્ડીક્રાફ્ટ'(પારુલ ખખ્ખર)માં નક્કામી વસ્તુમાં પણ સર્જન-સૌદર્ય પારખતી સ્ત્રી – અહી નારીના જુદા જુદા સંવેદનોની અભિવ્યક્તિ છે. 'વચન'(અર્જુનસિંહ રાઉલજી )માં રહસ્ય સર્જવાની કોશિશ છે. લઘુકથાઓ નવ છે. લઘુકથામાં ચમત્કૃતિ અનિવાર્ય પણ એ આગન્તુક કે લાગણીવેડામાં સારી પડે તેવી ન જ હોવી ઘટે. શ્યામ ઠાકોર(છેલ્લો પ્રયત્ન),રવજી ભાઈ કાચા (ત્રિકોણ), યોગેશ જોશી (વાંધો) અને દેવહુમા(વંશવેલો) આ ચાર લઘુકથાઓ યોગ્ય માવજતથી રચાઈ છે. છેક સુધી સરસ ચાલતી હરીશ મહુવાકરની (દર્શન)ને છેલ્લો ફકરો વણસાડે છે.

કલ્પના દેસાઈનો હાસ્યલેખ “પટાયાની અપ્સરાઓ’ શિષ્ટ હાસ્ય નિષ્પન્ન કરે છે. પ્રિય મિત્ર જગદીપભાઈએ આલેખેલ સ્મૃતિ કથા વિષે તો કેમ કહુ? ઉત્તરકાશીમાં તેમની સાથે ગાળેલ સમય સ્મૃતિમાં જડાઈ ગયો છે.....છતાં જમાઈની વાતને દીકરીના વહાલને કારણે વધાવી લેતી માને વર્ષો પછી સમજી લેતા નાયક એ જ આપણા જગદીપભાઈ....તેમની સંવેદના,ઋજુ વ્યક્તિત્વ આ ક્ષણે થોડો લાગણીશીલ બનાવે છે મને.

કળાને સિમાડા ન હોય દેશ વિદેશની ઉત્તમ કૃતિઓનું અને તેના પરના અધિકારી વિવેચકનું વિવેચન આપણી કળાસમજને પુષ્ટ કરે તે વાતની પ્રતીતિ ગ્રેહામ લીનની વાર્તા અને તેના પરનું વિજય શાસ્ત્રીનું વિવેચન કરાવે છે.

અંતે, નાગજીભાઈના નયનરમ્ય ચિત્રો વડે અંક નમણો બન્યો છે.... સમગ્ર અંકની સાહિત્યિક ઉપલબ્ધિ વિષે જરા નુકતેચી કરું તો ભીની લાગણીઓનું વિશ્વ અહી રચાયું છે. ઉત્તમ સાહિત્યકૃતિઓ નહી પણ આ સમયના ઉગતા અને વર્ષોથી લખનારા સર્જકોને અહી મોકળાશ મળી છે....ક્યાંક ધોરણ જળવાયા છે તો ક્યાંક ઉદારતાથી સ્થાન મળ્યું છે. સંપાદક મહાશયને નમ્ર નિવેદનની ધૃષ્ટ ચેષ્ટા કરવાનું પણ મન થાય છે કે સર્જકને પણ હાની પહોચાડતું અતિ ઔદાર્ય બને તો ટાળે....સંપાદક મહાશય પુરા સૌજન્યથી મારી આ ધૃષ્ટ ચેષ્ટા સહી લેશે એની મને ખાતરી છે. ખાતરી એટલે છે કે તેમણે જ તંત્રી લેખમાં દેવયાનીને સંબોધીને શુક્રાચાર્યનો સંવાદ મુક્યો છે કે –‘ જે ઉછળતા ક્રોધના ઘોડાને કાબુમાં રાખે છે તેને જ સંતો સારથી કહે છે.’



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ460299